આદર્શ નિવાસી શાળા, કન્યા (અ.જા.)
રાજકોટના છાત્રાલય વિભાગ અને સ્ટાફ
કવાર્ટસના મકાન બાંધકામને સુધારેલી
વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૧૪-૮૭૫૭૩૨-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૨૯/૧૧/૨૦૧૬.

વંચાણે લીધાઃ

(૧) સા.ન્યા અને અ વિના ઠરાવ ક્રમાંકઃ અનશ-૧૦૧૪-૮૭૫૭૩-ગ,તા.૨૨/૭/૨૦૧૫

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના તા.૧૭/૧૧/૨૦૧૬ના પત્ર ક્રઃ અજાક-ગ-૧-૧- ૨૦૧૬-૧૭-૨૦૨૪૪

ઠ રા વઃ-

આદર્શ નિવાસી શાળાઓમાં ધોરણ-૯ થી ૧૨ ની કન્યાઓને રહેવા, જમવા અને ભણવા માટેની એકજ સંકુલમાં વ્યવસ્થા કરવામાં આવે છે આ યોજનામાં અનુસૂચિત જાતિની કન્યાને શાળા/મકાન અને પૂરતા વિજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે આ યોજના હેઠળ કેન્દ્ર સરકારશ્રી તરફથી આદર્શ નિવાસી શાળાના હોસ્ટેલ બિલ્ડીંગ અને સ્ટાફ કવાર્ટસમાં વોર્ડન, ચોકીદાર સ્ટાફ કવાર્ટસના બાંધકામમાં થનાર ખર્ચ કન્યાદીઠ ૧૦૦ વિદ્યાર્થીની મર્યાદામાં રૂ!.૨૦૦.૦૦ લાખ કેન્દ્રિય સહાય આપવામાં આવે છે. આદર્શ નિવાસી શાળા કન્યા રાજકોટ માટે અભ્યાસની સુવિધા સારૂ શૈક્ષણિક સંકુલ ઉભુ કરવામાં આવેલ છે. આ સંકુલમાં આદર્શ નિવાસી શાળાના હોસ્ટેલ બિલ્ડીંગ અને સ્ટાફ કવાર્ટસના બાંધકામ માટે વર્ષ ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇ અંગેની રૂ.૨૦૦.૦૦ લાખની નવી બાબતને વંચાણે લીધા ક્રમ-૧ પરના તા. ૨૨/૭/૨૦૧૫ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમ-૨ પરના તા.૧૭/૧૧/૨૦૧૫ના પત્રથી આદર્શ નિવાસી શાળા, કન્યા (અ.જા.) રાજકોટના છાત્રાલય વિભાગ અને સ્ટાફ કવાર્ટસના મકાન બાંધકામ માટે રૂ. ૭૪૫.૦૦ લાખ સુધારેલ વહીવટી મંજુરી આપવા અંગેની દરખાસ્ત કરેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે આદર્શ નિવાસી શાળા, કન્યા (અ.જા.) રાજકોટના છાત્રાલય વિભાગ અને સ્ટાફ કવાર્ટસના મકાન બાંધકામ કરવા માટે રૂ. ૬.૭૩ કરોડ ( અંકે રૂપિયા છ કરોડ તોંતેર લાખ પુરા) ને નીચેની શરતોને આધિન આથી સુધારેલી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતોઃ-

(૧)આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨)પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩)આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪)આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫)આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) બાંધકામના કામોની દરખાસ્તોની મંજુરી માટે નિયામકશ્રી(અજાક)એ તાત્કાલિક પ્રવર્તમાન **S.O.R.** મુજબ નકશા-અંદાજો રજુ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજુરી મેળવવાની રહેશે.

(૭)બાંધકામના કામોમાં **P.W.D.** મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૮) રેલ્વે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજુરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજુરી મેળવ્યા બાદજ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૯) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાના અમલીકરણમા સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગ દર્શક સૂચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવાનુ રહેશે.

(૧૦) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમા સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨-૧૧-૨૦૦૬ ના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનુ ચૂસ્તાપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) મંજુર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજુરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રઃ ૯૫ હેઠળ અંદાજપત્રમાં મુખ્ય સદર – ૪૨૨૫, અનુસૂચિત જાતિઓ અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ – ૨૭૭ – શિક્ષણ પેટા સદર – (૦૧) બીસીકે- ૨૮ આદર્શ નિવાસી શાળાઓ અને છાત્રાલયોના બાંધકામ હેઠળ ઉધારવાનું અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષ માટે કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૨-૧૧-૨૦૧૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એચ.બી.ઠાકોર )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ / રાજકોટ

નિવાસી ઓડિટ અધિકારી, ગાંધીનગર

નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, જી. રાજકોટ

જિલ્લા તિજોરી અધિકારીશ્રી, રાજકોટ

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત), જીલ્લા પંચાયત રાજકોટ

કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન, રાજકોટ

નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર

બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

સેકશન અધિકારીશ્રી (કોમ્પ્યુટર સેલ શાખા)વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.

સીલેકટ ફાઇલ..